**મને લાગે છે** કે હું એક નવા જીવનમાં જન્મ પામી રહી છું અને ભૂતકાળની બધી પદ્ધતિઓ અને ટેવો હવે કોઈ પણ કામની રહી શકે તેમ નથી.

મને લાગે છે કે જે વસ્તુ એક વખતે પરિણામ જેવી હતી તે હવે માત્ર એક તૈયારી રૂપે જ રહેલી છે. હું અનુભવું છું કે જાણે મેં હજી સુધી કાંઈ જ કર્યું નથી, જાણે કે હું આધ્યાત્મિક જીવન જીવી જ નથી, જાણે કે એ તરફ લઈ જતા માર્ગમાં હું માત્ર પ્રવેશ કરી રહી છું;


મને લાગે છે કે હું જાણે કે કશું જ જાણતી નથી, કે હું કોઈ પણ વસ્તુને આકાર આપી શકતી નથી, બધો અનુભવ તો હજી હવે શરૂ થવાનો છે.

એ જાણે કે મારો સારેયે ભૂતકાળ, મારી ભૂલો તેમ જ વિજયો, મારા પરથી ઉતારી લેવામાં આવ્યાં હોય તેના જેવું છે, જાણે કે એ બધું એક નવો જન્મ પામેલાને જગા કરી આપવા માટે અદૃશ્ય થઈ ગયું છે, કે જેના સારાયે અસ્તિત્વે હજી આકાર લેવાનો છે, જેને કોઈ કર્મ નથી, જેને કોઈ અનુભવ નથી કે જેનો લાભ લઈ શકાય, પણ તો તેની કોઈ ભૂલ પણ નથી કે જેને તેણે સુધારી લેવાની રહે છે. મારા મસ્તકમાંથી જ્ઞાન માત્ર, સર્વ નિશ્ચિતતા ચાલી ગયાં છે, તો તેમાંથી સર્વ વ્યર્થ વિચારો પણ ચાલી ગયા છે. હું અનુભવું છું કે હું જો કશાયે વિરોધ વિના આ અવસ્થાને સમર્પણ કરી શકું, હું જો જાણવા માટે કે સમજવા માટે કશી પણ મથામણ ન કરું, હું જો સંપૂર્ણપણે એક બાળક જેવું, અજ્ઞાન અને નિખાલસ બની રહેવાને સંમતિ આપું, તો કોઈ નવીન શક્યતા મારી સામે ખુલ્લી થશે.

હું જાણું છું કે, મારે હવે મારી જાતને નિશ્ચિતપણે સમર્પી દેવી જોઈએ અને એક નર્યા કોરા પૃષ્ઠ જેવા બની રહેવું જોઈએ કે જેના ઉપર તારું ચિત્ત, તારી સંકલ્પશક્તિ, સર્વ વિકૃતિઓની સામે સુરક્ષિત બની પોતાનો આલેખ મુક્તપણે કરી શકે.

- શ્રી માતાજી

**પ્રાર્થનાઓ અને ધ્યાન**
**૩ એપ્રિલ ૧૯૧૪**



**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨. ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **January 2019**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2019**
JANUARY
૧ જાન્યુઆરી, ૨૦૧૯

## Karma

## કર્મ

**It** seems to me that I am being born to a new life and all the methods, the habits of the past can no longer be of any use.

It seems to me that what I thought were results is nothing more than a preparation. I feel as though I have done nothing yet, as though I have not lived the spiritual life, only entered the path that leads to it,

it seems to me that I know nothing, that I am incapable of formulating anything, that all experience is yet to begin.

It is as though I were stripped of my entire past, of its errors as well as its conquests, as though all that has vanished and made room for a new-born child whose whole existence is yet to be lived, who has no Karma, no experience to learn from, but no error either which has to be set right. My head is empty of all knowledge and all certitude, but also of all vain thought. I feel that if I learn how to surrender without any resistance to this state, if I do not try to know or understand, if I consent to be completely like an ignorant and candid child, some new possibility will open before me.

I know that I must now definitively give myself up and be like an absolutely blank page on which Thy thought, Thy will, O Lord, can be inscribed freely without danger of any deformation.

- The Mother

**April 3, 1914**
**Prayers & Meditations**

**મહાભારતનું** યુદ્ધ પૂરું થયું અને ભગવાન શ્રી કૃષ્ણ દ્વારિકા પરત આવ્યા...

પટ્ટરાણી રુક્મિણી તેમની પાસે આવ્યાં અને પૂછ્યું-

હે માધવ, યુદ્ધમાં ગુરુ દ્રોણ અને ભીષ્મ પિતામહ જેવા જ્ઞાની, પુણ્યશાળી અને મહાન યોદ્ધાઓને દગાથી મારવામાં તમે કેમ સહભાગી બન્યા? એમની મહાનતાની કોઈ ગરિમા નહીં? એમની સારપનું કોઈ મૂલ્ય નહીં ?આ પાપ તમે કેમ થવા દીધું ?"

પ્રથમ તો શ્રીકૃષ્ણ મૌન રહ્યા અને ફક્ત સ્મિત આપ્યું !

પણ રુક્મિણીએ લીધી વાત મૂકી નહીં અને ફરી ફરી આ જ પ્રશ્ન પૂછવા લાગ્યાં...

ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા: "હે પ્રિયા, એ બન્નેની મહાનતા અને સારપ વિશે કોઈ શંકા નથી. પણ, એ બન્નેએ જીવનમાં ફક્ત એક જ એવું 'પાપ' કર્યું હતું કે - જેના કારણે એની આખી જીંદગીની તમામ સારપ અને પુણ્યકર્મો ધોવાઈ ગયાં..!!"

રુક્મિણી : કયું પાપ નાથ?"

શ્રીકૃષ્ણ : હે દેવી, એ બન્ને એ સભામાં ઉપસ્થિત હતા જયાં દ્રૌપદીની લાજ લૂંટવાની કોશિશ થઈ... એ બન્ને એ ઘટના રોકવા બધી જ રીતે 'સક્ષમ' હતા... પણ, એમણે મૂંગા રહીને જોયા કર્યું ! જે સારાપણું એક નારીનું અપમાન થતું રોકી ન શકે તે શું કામનું ? આ એક જ પાપ એ બન્નેની તમામ શ્રેષ્ઠતાને ધોઈ નાખવા માટે પૂરતું હતું !!

રુક્મિણી : એ સાચું સ્વામી... પણ, કર્ણનું શું ? એક શ્રેષ્ઠ મિત્ર, મહાપરાક્રમી અને મહાદાનેશ્વરી કર્ણનો શું દોષ હતો? જેણે પોતાની માતા કુંતીને પણ, અર્જુન સિવાય કોઈ પણ પાંડવને ન મારવાનું વચનદાન આપ્યું ! ઇન્દ્રને પણ દાનમાં પોતાનાં કવચ કુંડળ આપી દીધાં... એવા મહાન દાતા ને કયા પાપે માર્યો ??

શ્રીકૃષ્ણ : મહારાણી, જ્યારે સાત સાત મહારથીઓ સામે સફળતાપૂર્વક એકલે હાથે લડી ને મહાવીર અભિમન્યુ નીચે પડી ગયો, અને સાવ મૃત્યુની સમીપ હતો, ત્યારે તેણે અસીમ આશાથી પાસે જ ઊભેલા કર્ણ પાસે પીવાનું પાણી માંગ્યું !

તેને શ્રદ્ધા હતી કે દુશ્મન હોવાં છતાં મહાન દાનેશ્વરી કર્ણ એને જરૂર પાણી આપશે... પણ, પોતાની પાસે જ ચોખ્ખા મીઠાં પાણીનો ઝરો હોવાં છતાં.. ફક્ત પોતાનો મિત્ર દુર્યોધન નારાજ ન થાય તે કારણે, કર્ણે એ મરતા અભિમન્યુને પાણી ન આપ્યું.... અને એ બાળયોદ્ધો તરસ્યો જ મરી ગયો !

હે રુક્મિણી, આ એક જ 'પાપ' એના જીવન આખા દરમિયાનનાં દાનથી મળેલાં પુણ્યને નષ્ટ કરવા માટે પૂરતું હતું... અને, કાળની અકળ ગતિ જુઓ.. એ જ પાણીના ઝરણાના કાદવમાં એનાં રથનું પૈડું ફસાયું અને તેના મૃત્યુનું કારણ બન્યું !!

આ જ છે કર્મનો 'સિદ્ધાંત'. કોઈને કરેલા અન્યાયની એક જ પળ જીવન આખાની પ્રમાણિકતાનો 'છેદ' ઉડાડી મૂકે છે.

**ખાસ નોંધ**: દરેકને પોતે કરેલા કર્મનું ફળ અહીં જ ભોગવવાનું છે.

કોઈની લાગણી અને વિશ્વાસ તોડવો ઓ સૌથી મોટું પાપ છે, અને ખાસ કરીને એવી વ્યક્તિનો કે જેણે આંખો બંધ કરીને તમારા પર ભરોસો કર્યો હોય.

**સૌજન્ય: 'પ્રેમ-સુબોધ'**
**સપ્ટેમ્બર ૨૦૧૮**

**When Lord Krishna** returned home after the battle of Mahabharata, his wife Rukmani confronted him.

"How could you be party to the killing of Guru Drona and Bheeshma, who were such righteous people and had a lifetime of righteousness behind them."

Initially Lord Krishna avoided her questions but when she did not relent, he replied:

"No doubt they had a lifetime of rightousness behind them but they both had committed one single sin that destroyed all their lifetime of righteousness."

Rukmani asked:

"And what was that sin?"

"They were both present in the court when a lady (Draupadi) was being disrobed and being elders they had the authority to stop it but they did not. This single crime is enough to destroy all righteousness of this world."

"But what about Karna? He was known for his charity. No one went empty handed from his doorstep. Why did you have him killed?"

"No doubt Karna was known for his charity. He never said 'No' to anyone who asked him for anything. But when Abhimanyu fell after successfully fighting an army of the greatest warriors and he lay dying, he asked for water from Karna who stood nearby. There was a puddle of clean water where Karna stood, but not wanting to annoy his friend Duryodhan, Karna did not give water to a dying man. In doing so his charity of a lifetime was destroyed.

Later in battle, it was the same puddle of water in which the wheel of his chariot got stuck and he was killed."

Understand that your one act of injustice can destroy your whole life of honesty...

**Courtesy : Tattvaloka**
**October 2018**